## હરિની દ્રષ્ટિ...
- હરિન ભટ્ટ




આ ફોન વાપરૂ જીંદગીમાં પેલીવાર એવુ થાય છે કે...બાપાએ ભણાવ્યો હોત તો સારૂ હતુ...!

## ડભોડામાં ભાજપા દ્વારા ટિફિન બેઠકનું આયોજન



ગાંધીનગર, તા. ૨૯

ડભોડા ગામ ખાતે ભારતીય જનતા પાર્ટી દ્વારા સંગઠનને મજબુત કરવાનાં ઈરાદાથી પંરપરા શરૂ કરનાર ભારત દેશના લોકલાડીલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સિધ્ધાંતને સિધ્ધ કરવાના આશયથી ટિફિન બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

# પહેલીવાર એક સાથે ૩૧ વ્યક્તિઓએ ઈચ્છા મૃત્યુની પરવાનગી માંગી...!!!

**પશુધન રાખવા લાયસન્સ ફરજિયાત કરતો કાયદો લાવવાની સરકારી હિલચાલ સામે માલધારીઓનો આક્રોશ : પશુધન રાખવા માટે પહેલાં એનિમલ હોસ્ટેલ બનાવો પછી જ કાયદો લાવો તેવી માંગ : જો વૈકલ્પિક વ્યવસ્થા વગર કાયદો લાવવો હોય તો અમને ઇચ્છા મૃત્યુની પરવાનગી આપો : ગૌ પાલક હિતરક્ષક સમિતિ**

ગાંધીનગર, તા.૨૯

આજે ગાંધીનગરમાં એક સાથે ૩૧ પશુ પાલકોએ જિલ્લા



કલેક્ટર સમક્ષ ઈચ્છા મૃત્યુની પરવાનગી આપવાની માંગણી કરીને ચોંકાવી દીધા હતાં. આજે ગુજરાત ગૌ પાલક હિતરક્ષક સમિતિના નેજા હેઠળ એકઠાં થયેલા ગાંધીનગર અને અમદાવાદના પશુ પાલકોએ રાજય સરકાર દ્વારા શહેરી વિસ્તારમાં પશુધન રાખવા માટે લાયસન્સ લેવું ફરજિયાત કરતો કાયદો લાવવાનો પ્રયાસ કરાઇ રહ્યો હોવાની સામે પશુધન રાખવા માટે વૈકલ્પિક વ્યવસ્થા ના થાય ત્યાં સુધી આ કાયદો ના લાવવા અને એનિમલ હોસ્ટેલની સુવિધા ઉભી ના થાય ત્યાં સુધી રખડતાં ઢોર અંગે દંડની રકમ સિમિત રાખવા સહિતની માંગણીઓને સંતોષવા અથવા ઈચ્છા મૃત્યુની પરવાનગી આપવા આવેદન પત્ર આપીને માંગ કરવામાં આવી છે. એક સાથે આટલી મોટી સંખ્યામાં ઈચ્છા મૃત્યુની માંગણી કદાચ ગુજરાતમાં પહેલીવાર કરાવામાં આવી હશે તેવું માનવામાં આવી રહ્યું છે.

ગુજરાત ગૌ પાલક હિતરક્ષક સમિતિના દાવા મુજબ તાજેતરમાં ગુજરાત સરકારે જાહેર કર્યું છે કે તા.૩૧ માર્ચના રોજ શહેરી વિસ્તારમાં પશુધન રાખવા માટે લાયસન્સ ફરજિયાત કરતો કાળો કાયદો લાવવામાં આવી રહ્યો છે જેમાં આકરા દંડ અને સજાની જોગવાઈ કરવામાં આવશે. આ સંદર્ભે સરકાર કાયદો લાવતાં પહેલાં પશુપાલકોને તેમના માલ ઢોર રાખવાં એનિમલ હોસ્ટેલ કે તેવી કોઇ અન્ય વૈકલ્પિક વ્યવસ્થા ના કરી આપે ત્યાં સુધી લાયસન્સનો કાયદો સ્થગિત રાખવા ગાંધીનગરના કલેક્ટર કચેરી ખાતે આવેદન આપવામાં આવ્યું છે જેને અધિક નિવાસી કલેક્ટરે સ્વિકાર્યું હતું. આવેદન આપી ઈચ્છા મૃત્યુની માંગ કરવામાં સામેલ ૩૧ પશુપાલકોમાં ગાંધીનગરના ગોકુળપુરાના યુવા અગ્રણી રઘુભાઈ રબારી, મહેશભાઈ રબારી, પેથાપુરના રિતેશભાઈ રબારી, અમદાવાદના ગોતાના ભરતભાઈ દેસાઇ અને સાબરમતીના હમીરભાઇ રબારી સહિતના ગાંધીનગર અને અમદાવાદના અન્ય માલધારીઓનો સમાવેશ થાય છે.

ગુજરાત ગૌ પાલક હિતરક્ષક સમિતિ દ્વારા આવેદન પત્રમાં રજુઆત કરવામાં આવી છે કે શહેરી વિસ્તાર નજીકના ગામડાંઓમાં રહેતા અભણ અને ગરીબ માલધારી પરિવારો પશુધન રાખીને શહેરી પરિવારો માટે દૂધ પુરુ પાડીને પોતાના પરિવારોનું વર્ષોથી પેઢી દર પેઢી ગુજરાન ચલાવે છે. જેમ જેમ શહેરો વધતા ગયા એમ એમ ગામડાંઓ શહેરોમાં સમાવિષ્ટ થતા ગયાં પરંતુ પશુધન અને તેને સાચવતા પરિવારો ત્યાંના ત્યાં જ છે, બસ શહેરો મોટા થતા ગયા. જો સરકાર આ લાયસન્સનો કાળો કાયદો લાવશે તો હજારો માલધારી પરિવારોની આજીવિકા છીનવાઈ જશે અને તેઓ રોડ ઉપર આવી જાય એમ છે. જો આ પરિવારો પશુપાલન છોડી દેશે તો દૂધ અને દૂધની બનાવટોના ભાવો આસમાને પંહોચશે જેનો આર્થિક ફટકો કોરોના મહામારીના કારણે મોંઘવારીથી ત્રસ્ત દરેક શહેરી પરિવારો પર પણ વધુ ફટકા સમાન વર્તાશે. એકવાર પશુમાલિકોને વૈકલ્પિક વ્યવસ્થા કરી આપ્યાં પછી સરકાર જે કાયદો લાવે તે પશુપાલકોને કબુલ મંજૂર રહેશે અને એમાં માલધારી સમાજ સરકારની સાથે રહેશે તેવું આવેદન પત્રમાં જણાવાયું છે.

## ખૂણેખાંચરેથી

● બેંકો, પોસ્ટલ સેવા તેમજ એલઆઈસીના કર્મયોગીઓની હડતાલની અસર ગાંધીનગરના આર્થિક વ્યવહારો પર આજે પડતી દેખાઈ હતી.

● ૩૧મી માર્ચ નજીક આવતી હોવાથી એકાઉન્ટ અને ટ્રેઝરીના કામકાજમાં ભારે વધારો થતો જવો મળ્યો છે.

● ખેડાના પૂર્વ સાંસદ ડૉ. જેસ્વાણી અને પૂર્વ નાણાંમંત્રી બાબુભાઈ શાહના દિકરી જાગૃતિબેન શાહ આજે વિધાનસભા પરિસરમાં દેખાયા હતા.

● વિસનગરા નાગર પરિવાર ગાંધીનગર દ્વારા ૧૫મી એપ્રિલે હાટકેશ જયંતિની ઉજવણીનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

● રાજસ્થાન સમાજ સાર્વ.સેવા ટ્રસ્ટ દ્વારા આજે ખાસ કાર્યક્રમનું આયોજન સે. ૩૦ ખાતે કરવામાં આવ્યુ છે.

● દહેગામના મીઠાના મુવાડા પાસેના પુલના છેડે ટ્રાફિક જામના દશ્યો સર્જાયા હતા આને પગલે કેટલાક પરીક્ષાર્થીઓ પરીક્ષાખંડમાં નિયત સમય કરતા બે-ત્રણ મિનિટ મોડા પડ્યા હતા.

● ગાંધીનગર શહેરમાં ગરમીના પ્રકોપને પગલે છાશના વેચાણમાં વધારો થયો છે તેમજ તડબુચની માંગમાં પણ વધારો થયો છે.

● આજે સાંજે વીજળીના મુદ્દે કિસાન સંઘ અને ઊર્જામંત્રી કનુભાઈ દેસાઈ વચ્ચે બેઠક થઈ હતી.

● આરોગ્ય કર્મચારી મહામંડળના આદેશને પગલે કર્મચારીઓ દ્વારા કામગીરી કરશે પણ રિપોર્ટીંગ સિસ્ટમ બંધ કરાતાં તેની અસર આરોગ્યતંત્રને પડી છે.

● જિલ્લામાં ઘઉંના પાકની ટેકાના ભાવે ખરીદી કરવાને લઈ જિલ્લા કલેક્ટરે આજે પ્રાથમિક બેઠક યોજી વિગતો મેળવી હતી.

## આજે ગ્રીનસીટી વાવોલ ખાતે સુંદરકાંડ પાઠ યોજાશે

ગાંધીનગર, તા.૨૯

૩૦ માર્ચે ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસ પીઠે સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. જે ફલેટ નં.૯, ગ્રીનસીટી, વાવોલ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે જગદીશભાઈ ચૌધરી પરિવાર દ્વારા આયોજન કરવામાં આવ્યું છે.

## કલોલ ઘરફોડ ચોરીના ગુનામાં બે વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપાયો




ગાંધીનગર,તા.૨૯

પાડવા માટે ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે.ત્યારે એલસીબી-૨ તે દિશામાં કામગીરી કરી રહી હતી. તે સમયે એલસીબી-૨ ના હેડ કોન્સ્ટેબલ વિક્રમસિંહ ધનજીભાઈને બાતમી મળી હતી.જેને પગલે પોલીસે કલોલ તાલુકા પોલીસ મથકે નોંધાયેલા બે ઘરફોડ ચોરીના ગુનામાં છેલ્લા બે વર્ષથી નાસતા ફરતા રીસીવર આરોપી ગોપાલભાઈ કનુભાઈ સોની (રહે. જેસાવાડા, તા.ગરબાડા, જી.,દાહોદ) ને દાહોદ થી પકડી પાડીને તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## ડો.બાબા સાહેબની પ્રતિમાના ચરણોમાં સફાઈ કામદારોનું આવેદન પત્ર




ગાંધીનગર,તા.૨૯

ગાંધીનગર મહાનગર પાલિકામાં ફરજ બજાવતા કોન્ટ્રાકટના સફાઈ કામદારો છેલ્લા ૯૦ દિવસથી હડતાલ પર છે. પરંતુ રાજય સરકારનું પેટનું પાણી હલતુ નથી. તો બીજીતરફ આજદિન સુધી સફાઈ કામદારોને ન્યાય મળતો નથી. કોન્ટ્રાકટના સફાઈ કામદારોના પડતર પ્રશ્નો અંગે આજદિન સુધી નિરાકરણ આવ્યું નથી. કોન્ટ્રાકટના કામદારોની માંગણીઓની રજુઆત સરકારના કાન સુધી પહોંચી નથી. ત્યારે આજે ગુજરાત સફાઈ કામદાર મંડળ નેજા હેઠળ સેકટર-૧૨ ગાર્ડન થી ડો.બાબા સાહેબની પ્રતિમાં સુધી સફાઈ કર્મચારીઓએ રેલી નીકાળી હતી. આ રેલીમાં દલિત સમાજના આગેવાનો, હોદેદારો, કાર્યકરો સહિત સફાઈ કામદારો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા. સફાઈ કામદારોએ રેલી નીકાળી પોતાની માંગણીઓ સરકાર સત્વરે સાંભળે અને ઝડપી ન્યાય મળે તે માટે ડો.બાબા સાહેબ આંબેડકરના ચરણોમાં આવેદન પત્ર સમર્પિત કર્યું હતું.

## સિવિલ હોસ્પિટલમાં દોઢ કરોડના ખર્ચે અદ્યતન ફાયર સિસ્ટમ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર મેડીકલ કોલેજ સંચાલિત જનરલ હોસ્પિટલમાં હાલ ફાયર સેફટીના સાધનોનું કામ પુરજોશમાં ચાલી રહ્યું છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલની ઓપીડી બિલ્ડીંગ, લેબોરેટરી, તાત્કાલીક વિભાગ, ૬૦૦ બેડની હોસ્પિટલ સહિત જુની બિલ્ડીંગમાં દોઢ કરોડ રૂપીયાના ખર્ચે ફાયર સેફટીના સાધનો ફીટ કરાયા છે. જેમાં સ્પ્રિન્કલર, એલાર્મ સિસ્ટમ, સ્મોક ડીટેકટર, પમ્પ, હાઈડ્રન્ટ સિસ્ટમ સહિત નવા એસ્ટીંગ્યુઝર મુકવામાં આવ્યા છે. ત્યારે ફાયર સેફટીનું કામ પુર્ણ થયા બાદ સિવિલ તંત્ર દ્વારા ફાયર એનઓસી માટે અરજી કરવામાં આવશે. જયારે સિવિલ હોસ્પિટલને ફાયર વિભાગ દ્વારા જરૂરી તપાસ બાદ એનઓસી આપવામાં આવશે. જયારે સિવિલ હોસ્પિટલમાં રાઉન્ડ ધ કલોક ફાયર જવાનોને પણ તૈનાત કરવામાં આવશે.



સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કોરોનાના કપરા સમયમાં રાજયમાં કેટલાક સ્થાને હોસ્પિટલમાં આગની ઘટના સામે આવી હતી. આગની ઘટનામાં સારવાર લઈ રહેલા દર્દીઓએ જીવ ગુમાવવાનો વારો આવ્યો હતો. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલની જુની બિલ્ડીંગમાં પણ ફાયર સિસ્ટમ ફીટ કરવાની કામગીરી ચાલી રહી છે. જેમાં હોસ્પિટલમાં પુરતા સાધનો અને સિસ્ટમ નહી હોવાને પગલે જે તે સમયે શરતી એનઓસી તંત્ર દ્વારા અપાઈ હતી. ત્યારે દોઢ કરોડના ખર્ચે નવી ફાયર સિસ્ટમ વસાવવામાં આવી છે. ત્યારે તે ફીટ થઈ ગયા બાદ સિવિલ તંત્ર દ્વારા એનઓસી માટે અરજી કરાશે અને ફાયર તંત્ર દ્વારા ચકાસણી બાદ એનઓસી આપવામાં આવશે. હાલમાં સિવિલ હોસ્પિટલમાં ફાયર સિસ્ટમના સાધનો ફીટ કરવાની કામગીરી ધમધોકાર ચાલી રહી છે. હાલના સમયે સિવિલના ઓપીડી બિલ્ડીંગ, તાત્કાલીક વિભાગ, રેડીયોલોજી વિભાગ, જુની બિલ્ડીંગ, ૬૦૦ બેડની બિલ્ડીંગ સહિત સિવિલના સત્તાધિશો બેસે છે તે જગ્યાને પણ ફાયરના સાધનો મુકી સલામત કરાઈ છે. હાલ હોસ્પિટલમાં સ્પ્રિન્કલર, એલાર્મ, સ્મોક ડિટેકટર, પમ્પ, હાઈડન્ટ્ર સિસ્ટમ સહિત નવા ફાયર એસ્ટીંગ ગ્યુઝર લગાવવામાં આવી રહ્યા છે. જયારે સિવિલમાં આઈસીયુ વોર્ડમાં ફરજીયાત પણે સ્પ્રિન્કલર સિસ્ટમ હોવી જરુરી છે. કારણ કે સ્પ્રિન્કલર સિસ્ટમથી પાણીનો છંટકાવ થાય છે, જેથી આગ પર કાબુ મેળવી શકાય છે અને આગ વધુ પ્રસરતી નથી.

## ચ માર્ગ પર રાત્રીના સમયે વેપારીને ત્રણ શખ્સોએ માર માર્યો

ગાંધીનગર,તા.૨૯

ગાંધીનગર શહેરના ચ માર્ગ સેકટર-૨ સ્વામીનારાયણ મંદિર તરફના કટ પાસે રાત્રીના ૧૨ વાગ્યાના અરસામાં પાનના ગલ્લાના વેપારીને ત્રણ શખ્સોએ ગાળો બોલી માર મારી ઈજા પહોંચાડી હતી.

જયારે ઝપાઝપી દરમિયાન વેપારીના ખીસ્સામાંથી રોકડા રૂ.૩ હજાર અને ગળામાં પહેરેલી સોનાની ચેઈન પડી ગઈ હોવા છતા ત્રણ શખ્સોએ જાનથી મારી નાંખવાની ધમકી આપતા સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨ ડી પ્લોટ નં.૧૬૬૭-૨ ખાતે કનુભાઈ નારણદાસ પ્રજાપતિ (ઉં.૪૮) પોતાના પરિવાર સાથે રહે છે. જયારે કનુભાઈ પ્રજાપતિ સેકટર-૧૧ ખાતે પાનનો ગલ્લો ચલાવે છે. તેઓ સવારે ૮ થી રાત્રીના ૧૧ સુધી ગલ્લો ચલાવે છે. જયારે ગત તા.૨૭ના રોજ રાત્રીના ૧૧ વાગે ગલ્લો બંધ કરીને તેઓ ઘરે જવા માટે નીકળ્યા હતા. તે સમયે ચ-૨ થી ચ-૦ તરફ જતા માર્ગ પર સેકટર-૨ ના કટ પાસે એકટીવા પર ત્રણ શખ્સો આવ્યા હતા. આ શખ્સોએ એકટીવા વેપારી પર નાંખ્યું હતું. જેથી તેઓ દુર જતા રહ્યા હતા. કેમ એકટીવા મારી સામે આવવા દો છો તેમ વેપારીએ કહેતા જ ત્રણેય શખ્સોએ ઉશ્કેરાઈને ગાળો બોલી ગડદા પાટુનો માર માર્યો હતો. આ મારામારી દરમિયાન ખીસ્સામાંથી રોકડા રૂ.૩ હજાર પડી ગયા હતા. તે ઉપરાતં સોનાની ચેઈન પણ મારામારીમાં પડી ગઈ હતી.જયારે હોબાળો થતા અન્ય રાહદારીઓ આવી જતા તેઓ ત્રણ જતા જતા જાનથી મારી નાંખવાની ધમકી આપી ગયા હતા. જયારે ત્રણેય શખ્સો ગલ્લા પર આવતા હોવાથી વેપારીએ સેકટર-૭ પોલીસ મથકે પેથાપુરના મહોબતસિંહ ઠાકોર, સેકટર-૮ ખાતે રહેતો ચિરાગ પરમાર અને પેથાપુર ખાતે રહેતો અજીતસિંહ ઠાકોર સામે ફરીયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગાંધીનગરમાં બુધવારે રાજસ્થાન દિવસની પરંપરાગત રીતે ભવ્ય ઉજવણી કરાશે

**માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, સમાજ કલ્યાણ મંત્રી શ્રી પ્રદીપ પરમાર, ગુજરાત સરકાર, શ્રી સતીશ પુનિયા, રાજસ્થાન પ્રદેશ ભાજપ અધ્યક્ષ, ગાંધીનગર શહેરના મેયર શ્રી હિતેશ મકવાણા ઉપસ્થિત રહેશે.**




ગાંધીનગર, તા.૨૯

શ્રી રાજસ્થાન સમાજ સાર્વજનિક સેવા ટ્રસ્ટ ગાંધીનગર, ગુજરાતના પ્રમુખ તુલસીભાઈ માલીએ જણાવ્યું હતું કે "આવતીકાલે તા.૩૦ માર્ચ, બુધવારના રોજ સેક્ટર-૨૪માં રંગમંચ ખાતે આયોજિત રાજસ્થાન સ્થાપના દિવસની ઉજવણી માટે માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, સમાજ કલ્યાણ મંત્રી શ્રી પ્રદીપ પરમાર, ગુજરાત સરકાર, શ્રી સતીશ પુનિયા, રાજસ્થાન પ્રદેશ ભાજપ અધ્યક્ષ, ગાંધીનગર, શહેરના મેયર શ્રી હિતેશ મકવાણા ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં સાહિત્યિક, સાંસ્કૃતિક અને રંગારંગ કાર્યક્રમ, રક્તદાન કેમ્પ, ફ્રી મેડિકલ કેમ્પ, ગાંધીનગર શહેરના ૪૪ કોર્પોરેટરોનું સન્માન, ભામાશાહ દાતાઓનું સન્માન અને રાજસ્થાન ગૌરવ સન્માન અર્પણ સમારોહ વગેરે જેવા વિવિધ કાર્યક્રમો યોજાશે.


આ પ્રસંગે શ્રી રાજસ્થાન સમાજ સાર્વજનિક સેવા ટ્રસ્ટ, ગાંધીનગરના પ્રમુખ શ્રી તુલસીભાઈ માલી જણાવ્યું હતું કે "આવતીકાલે રાજસ્થાન સ્થાપના દિવસ છે અને ગાંધીનગરમાં દર વર્ષની જેમ પરંપરાગત રીતે રાજસ્થાની સંસ્કૃતિ અનુસાર ધામધૂમથી ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં સામાજિક સાંસ્કૃતિક તેમજ સેવાકીય કાર્યોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. રાજસ્થાન અમારી જન્મભૂમિ છે અને ગુજરાત અમારી કર્મભૂમિ છે, અમે અહીં દૂધમાં સાકર ભળે તેમ ભળી ગયાં છીએ. અમે પોતાના પરિવાર સહિત ધંધા-રોજગાર અર્થે રાજસ્થાનથી આવીને ગાંધીનગરમાં વર્ષોથી વસેલી કુલ ૩૬ જ્ઞાતિઓનું એક સંગઠન શ્રી રાજસ્થાન સમાજ સાર્વજનિક સેવા ટ્રસ્ટના નેજા હેઠળ બનાવ્યું છે, આ સંગઠનનો હેતુ જન્મભૂમિ રાજસ્થાનના સંસ્કાર તથા સંસ્કૃતિ જે અમારી ઓળખ છે તેને જાળવી રાખીને કર્મભૂમિ ગુજરાતને પણ આત્મસાત કરીને સામાજિક ઐક્ય દ્વારા અમારો વિકાસ સાધવા સાથે રાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપવા માટે પ્રયત્નશીલ છીએ. ગુજરાતમાં અમને અપાર પ્રેમ અને સ્નેહ પ્રાપ્ત થયો છે તેમ જ ગુજરાત સરકારે પણ અમને ખૂબ સહકાર આપ્યો છે જે માટે અમે સમગ્ર ગુજરાતના અને ગાંધીનગરના નાગરિકો સહિત સરકારના પણ આભારી છીએ."

આ પ્રસંગે શ્રી રાજસ્થાન સમાજ સાર્વજનિક સેવા ટ્રસ્ટના મહાસચિવ મુકેશકુમાર વ્યાસે આભાર વ્યક્ત કર્યો હતો રાજસ્થાન દિવસની ઉજવણીમાં સૌને જોડાવવા માટે આમંત્રણ આપ્યું હતું.

## ગાંધીનગરના યુવાન યશ ચૌહાણને ૪૦મી ગુજરાત શ્રી ૨૦૨૨ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ

ગાંધીનગર, તા. ૨૯

તાજેતરમાં વડોદરા ખાતે યોજાયેલી ૪૦મી ગુજરાત શ્રી ૨૦૨૨ સ્પર્ધા આઈબીબીએફએફ ગુજરાત બોડી બિલ્ડીંગમાં ગાંધીનગરના યુવાન યશ ચૌહાણને જુનિયર મિસ્ટર ગુજરાતમાં ૬૦કિગ્રા કેટેગરીમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત થયો છે. કુડાસણ ખાતે ઉડાન જીમના માલિક હોવા સાથે તેઓ પોતે પણ ખિલાડી છે ને વિવિધ દેશોમાં ભારતનું





પ્રતિનિધિત્વ કરી ચુક્યાં છે એવા દેવ કનોજિયાના માર્ગદર્શન હેઠળ યશ ચૌહાણે સ્પર્ધાની તૈયારીઓ કરી હતી. આ સાથે તેમણે જીમનું તેમ જ ગાંધીનગરનું નામ રોશન કર્યુ છે.

## ખોરજ ક્રિષ્ના ફાર્મ સામે વિજપોલ સાથે બાઈક ટકરાતા યુવકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૯

ખોરજ ક્રિષ્ણા ફાર્મની સામે વિજપોલ સાથે બાઈક અથડાતા બાઈક ચાલક યુવકનું સારવાર દરમિયાન મૃત્યું નિપજયું છે. બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ખોરજ ગામે હુડકો ઈન્દીરાનગર ખાતે રહેતા લાલાભાઈ ભીખુશા ફકીર (પઠાણ, ઉં.૪૨) પોતાના પરિવાર સાથે રહે છે અને મજુરી કરી ગુજરાન ચલાવે છે. લાલાભાઈના પરિવારમાં ત્રણ સંતાન છે, જેમાં સૌથી મોટો દિકરો સિકંદર, તેનાથી નાનો સાહિદખાન અને સૌથી નાનો સબબ્બીરખાન છે. જયારે સિકંદર મોરબી ખાતે પરિવાર સાથે રહે છે.જયારે શાહિદખાન છુટક મજુરી કરતો હતો. ગઈકાલે રાત્રે સાડા નવ વાગ્યાના અરસામાં પરિવારના સભ્યો ઘરે જમી પરવારીને બેઠા હતા.જયારે શાહિદ ગામમાં આટો મારવા માટે નીકળ્યો હતો. ત્યારબાદ રાત્રીના સાડા દશ વાગે ફરીયાદીને જાણ થઈ કે તેમના દિકરાને અકસ્માત થયો છે. તેઓએ સ્થળ પર જઈને જોયુ તો શાહિદને શ્વાસ લેવામાં તકલીફ પડતી હતી. તે ઉપરાંત જમણા હાથે,પંજામાં આંગળીઓના ભાગે તેમજ ખભાના ભાગે, છાતીના ભાગે ઈજા થઈ હતી. તેની બાજુમાં સ્પ્લેન્ડર બાઈક નં. જી. જે. ૧૮. ડી.જે. -૫૦૭૮ અકસ્માત હાલતમાં પડ્યું હતું. શાહિદ તેના કોઈ મિત્રનું બાઈક લઈ જઈ રહ્યો હતો તે સમેય ક્રિષ્ના ફાર્મ નજીક ઈલેક્ટ્રીક થાંભલા સાથે ભટકાઈ જતા અકસ્માત થયો હતો. જેથી તેને સારવાર માટે અડાલજ અને ત્યારબાદ વધુ સારવાર માટે સોલા લઈ ગયા હતા.જયાં તેનું સારવાર દરમિયાન મૃત્યું નિપજયું હતું. બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## બૉલિવુડ એકશન સ્ટાર જ્હોન અબ્રાહમે સાયન્સ સિટીની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૨૯

ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગના નેજા હેઠળ કાર્યરત ગુજરાત સાયન્સ સિટી ગ્રામ્ય શાળાઓના બાળકોથી લઈને, વિવિધ શહેરો, જિલ્લાઓ અને દેશ વિદેશના નાગરિકો તથા અગ્રણી મહાનુભાવો વિજ્ઞાનની આ નગરી- સાયન્સ સિટીની મુલાકાતે આવી ચૂક્યા છે. બૉલીવુડના એક્શન સ્ટાર ગણાતા જહોન અબ્રાહમે પણ આજે ગુજરાત સાયન્સ સિટી ખાતે રોબોટિક ગેલેરીની મુલાકાત લીધી હતી.



ગુજરાત સાયન્સ સિટી વિજ્ઞાન અને મનોરંજનનું લોકપ્રિય સ્થળ બની ગઈ છે. સાયન્સ સિટી ૨.૦ નવા આકર્ષણો સાથે ફરી શરૂ કરાઇ ત્યારથી મુલાકાતીઓનો અવિરત પ્રવાહ ચાલુ રહ્યો છે. વિશ્વની ૧૮૧થી વધુ જળ પ્રજાતિઓને સમાવતી અત્યાધુનિક એકવેટિક ગેલેરી, અત્યાધુનિક રોબોટ સાથે ભવિષ્યની સફર કરાવતી રોબોટિક ગેલેરી, કુદરતની સમીપ લઈ જતો વિશાળ નેચર પાર્ક,લાઈફ સાઈન્સ પાર્ક, 3Dઆઈમેકસ થિયેયર, મનોરંજન થકી જ્ઞાન પીરસતા વિવિધ એક્ઝિબિટ્સ તથા સગવડ અને સુરક્ષાની ખાતરી સાથેની વિવિધ રાઈડસ જેવા આકર્ષણો નાના ભૂલકાઓથી લઈ તમામ ઉમરના લોકોને આકર્ષે છે.

સાયન્સ સિટીની જનસમુદાયને વિજ્ઞાન સાથે જોડવાની કટિબદ્ધતાથી અંતરિયાળ ગ્રામ્ય શાળાઓના બાળકોથી લઈને, વિવિધ શહેરો , જિલ્લાઓ અને દેશ વિદેશના નાગરિકો તથા અગ્રણી મહાનુભાવો પણ વિજ્ઞાનની આ નગરી- સાયન્સ સિટીની મુલાકાતે આવી ચૂક્યા છે. બૉલીવુડના એક્શન સ્ટાર ગણાતા જ્હોન અબ્રાહમે પણ આજે ગુજરાત સાયન્સ સિટી ખાતે રોબોટિક ગેલેરીની મુલાકાત લીધી હતી. ગુજરાત સાયન્સ સીટીની અત્યાધુનિક રોબોટિક ગેલેરીથી તેઓ પ્રભાવિત થયા હતા અને તેમણે વિજ્ઞાનના પ્રચાર પ્રસાર માટેની સાયન્સ સિટીની કટિબદ્ધતાને બિરદાવી હતી. રોબોટિક ગેલેરીના પ્રવેશદ્વારે ટ્રાન્સફોર્મર રોબોટ સાથે ફોટો ખેચાવવાની, સ્વાગતકક્ષના હ્યુમનાઇડરોબો સાથે વાર્તાલાપની તથા રોબોટ સાથે બેડમિન્ટન રમવાની પણ મજા માણી હતી.